**શાસન શિરોમણિ, નિશ્ચયરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ પ્રકાશક, ભાવિના ભગવાન, જિનેન્દ્ર લઘુનંદન વહાલા કહાનગુરુની ૧૩૨મી જન્મજયંતીના મંગલકારી પ્રસંગે તેઓશ્રીના પાવન પાદપંકજમાં શત શત વંદન હો !**



ગુરુદેવ તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતાં, અલૌકિક એમનું પરિણમન હતું ને પુણ્યનો - વાણીનો યોગ પણ કોઈ અલૌકિક સાતિશય યોગ હતો. ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. સાંભળનારને તો કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું મીઠું લાગે. કેટલાક જીવોને તો એવું લાગ્યું છે કે જાણે કોઈ દૈવીવાણી આવે છે !! એક અસાધારણ યુગપુરુષ જેવું ગુરુદેવનું વ્યતિત્વ હતું અને કર્તૃત્વ પણ એવું જ હતું.

*(–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)*

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૮૧, વર્ષ–૨૪, મે–૨૦૨૧

## અષાઢ વદ ૯, મંગળવાર, તા.૧૨–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૪ પ્રવચન–૩૨

આ 'યોગસાર' ચાલે છે, તેની ૮૪મી ગાથા.

**दंसणु जं पिच्छियइ, बुह अप्पा विमल महंतु।**
**पुण पुणु अप्पा भावियए, सो चारित्त पवित्तु।।८४।।**


ભગવાન 'યોગીન્દ્રદેવ' મુનિ જંગલવાસી દિગંબર આચાર્ય હતા. ૧૪૦૦ વર્ષ પહેલાં તેમણે આ એક 'પરમાત્મ પ્રકાશ' અને એક આ 'અમૃતાશીતિ' આદિ બનાવ્યા છે. આપણે ત્યાં બે પ્રસિદ્ધિમાં છે. આ યોગસાર છે. યોગસારનો અર્થ—પોતાનું શુદ્ધ સ્વરૂપ એકરૂપ પવિત્ર (છે) તેમાં એકાકાર થઈને યોગ નામ જોડાણ કરીને સાર નામ નિર્વિકલ્પ ષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવા તેનું નામ યોગસાર—મોક્ષમાર્ગ કહે છે. અહીં તો બધા સાર જ છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'ગોમ્મટસાર', 'યોગસાર'. સંતોએ બધું સાર સાર જ બનાવ્યું છે. દિગંબર સંતોએ તો તત્ત્વનો સાર દોહન કરીને સાર સાર કાઢ્યો છે.

યોગસાર—ભગવાનઆત્મા પરિપૂર્ણ વસ્તુ સ્વરૂપ અખંડ એકરૂપ (છે), તેમાં આ યોગ છે તે પર્યાય છે, યોગસાર તે પર્યાય છે, પણ યોગસાર પર્યાયનો વિષય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? યોગસાર તે પર્યાય છે, પણ વસ્તુ એકરૂપ ત્રિકાળ જ્ઞાયક સ્વભાવભાવ પરમસ્વરૂપ, જેમાં કોઈ ઉત્પાદ-વ્યય પણ નથી. ધ્રુવ શાશ્વત સત્ ધ્રુવ વસ્તુમાં એકાકાર તેનું લક્ષ કરીને, ધ્યેય બનાવીને, તેમાં શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા કરવી તેનું નામ અહીંયાં ભગવાન યોગસાર કહે છે. વ્યવહાર યોગસાર કાઢી નાખે છે. જે વિકલ્પ વ્યવહાર વચ્ચે છે તે સાર નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

આ આત્મા 'विमल महंतु' '**મળરહિત શુદ્ધ અને મહાન...**' 'अप्पा महंतु' '**મહાન પરમાત્મા છે.**' એક સેકંડના અસંખ્ય ભાગમાં એ તો અનંત પરમાત્માના પેટ અંદરમાં છે. સર્વજ્ઞ કે સિદ્ધ પરમાત્મા જે થાય છે એવી એવી પરમાત્મદશા તો જેના ગર્ભમાં–ધ્રુવમાં અનંતી પડી છે. એવો એ આત્મા પરમાત્મા ધ્રુવરૂપ શાશ્વત, તેનું શ્રદ્ધાન કરવું. '**पिच्छियइ**' શબ્દ લીધો છે. '**पिच्छियइ**' નામ દેખવું, દેખવું નામ શ્રદ્ધાન કરવું. એ શ્રદ્ધા એમ ને એમ નથી, કલ્પના નથી. એ શ્રદ્ધા સ્વસન્મુખ થઈને પરસન્મુખના ભેદના વિકલ્પથી નિરાળો થઈને પોતાના શુદ્ધ અંતર્મુખ સ્વભાવમાં દેખવું નામ એ સ્વભાવની પ્રતીત કરવી તેનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. એ '**पिच्छियइ**' શબ્દથી લીધું છે. '**શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.**'

'**એવું જાણવું તે જ્ઞાન છે.**' એવું જાણવું કે ભગવાન આત્મા પરિપૂર્ણ સ્વરૂપને જ્ઞેય કરી, એ વસ્તુ અખંડ એકરૂપ છે તેને જ્ઞેય કરીને તેનું જ્ઞાન કરવું તેનું નામ

મોક્ષના માર્ગનો બીજો અવયવજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પરમપારિણામિક સ્વભાવભાવ સ્વરૂપ ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. અસંખ્ય પ્રદેશનો પિંડ પણ એ અસંખ્ય ભેદ પણ નહિ. એકરૂપ. છે એમાં અસંખ્ય પ્રદેશ, છે તેમાં અનંત ગુણ પણ ગુણભેદ નહિ. એકરૂપ, એકરૂપ ષ્ટિ થયા વિના એકાકાર થતો નથી, એકાકાર થયા વિના એકરૂપ ષ્ટિ આવતી નથી. સમજાણું કાંઈ?



કહે છે કે, ભગવાન 'अप्पा विमल महंतु'. '**महंतु**' (અર્થાત્) એ તો મહાન આત્મા છે. મહાન આત્મા. તેના એક એક ગુણ અનંત પર્યાય પ્રગટ કરવા લાયક (છે). એક એક ગુણથી પણ અનંત શક્તિવાન છે. અનંત શક્તિવાન છે. એવા અનંત ગુણ, તેનું એકરૂપ '**महंतु**' મહાત્મા ભગવાનની અંતર્મુખ શ્રદ્ધા કરવી. એ જેવો છે તેવો. ભગવાન સર્વજ્ઞ કહે છે તેવો. અન્ય સર્વ લોકો આત્મા કહે કે, આત્મા આવો, આત્મા આવો એમ નહિ. સર્વજ્ઞે કહ્યો તેવો (આત્મા). પછીની ગાથામાં આવશે. ૮૫ (ગાથા). 'જ્યાં આત્મા ત્યાં સકળ ગુણ, અનંત ગુણ, કેવળી બોલે એમ.' 'જ્યાં આત્મા ત્યાં સકળ ગુણ, કેવળી બોલે એમ. નિર્મળ અનુભવ આપનો, પ્રગટ કરો સો પ્રેમ.' એ ૮૫માં (આવશે). એટલે અહીં પહેલું આ લીધું છે.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે જે એક એક આત્મા જોયો, તો ભગવાને આત્મા કેવો જોયો? કે, અસંખ્ય પ્રદેશી, અનંત ગુણનો પિંડ અને ત્રિકાળ એકરૂપ સ્વભાવ જોયો. એવો જે આત્મા, તેમાં પુણ્ય-પાપભાવ નથી આવતા, શરીર, વાણી નથી આવતા અને તેની પર્યાયના ભેદ પણ તેમાં નથી આવતા, તેમાં આ ગુણ છે અને આ ગુણી છે એવા ભેદ પણ નથી આવતા. એવા મહંત આત્માના અંતર્મુખ દર્શન કરવા તેનું નામ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સમ્યગ્દર્શન છે, એમ ફરમાવે છે. તેનું જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન આદિ નહિ. એ જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્ઞાન. જ્ઞાયક ભગવાન એકસ્વરૂપી પ્રભુ, એકસ્વરૂપી જ્ઞાયકનું જ્ઞાન તેનું નામ જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી. સમજાણું કાંઈ? (એ) બહિર્ પરસત્તાવલંબી જ્ઞાન છે. સ્વસત્તાવલંબ થઈને પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાકાર થવું, જે જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છે તેમાંથી જ્ઞાનની પર્યાયનું પ્રગટ થવું તે પોતાનું જ્ઞાન છે. તેને જ્ઞાન કહે છે. આહાહા..!

'**पुण पुणु अप्पा भावियए**' આ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. ચારિત્ર એટલે શું? કે, '**વારંવાર આ આત્માની ભાવના કરવી તે પવિત્ર અથવા નિશ્ચય શુદ્ધ ચારિત્ર છે.**' ભગવાનઆત્મા શુદ્ધ પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનો કંદ એકરૂપની દૃષ્ટિ થઈ છે, જ્ઞાન થયું છે (હવે) વારંવાર તેમાં લીન થવું, લીન થવું, આત્મામાં, હોં! વિકલ્પ, શરીરની ક્રિયા તેમાં છે જ નહિ. ઓ..હો..! જુઓને, જીવતા શરીરથી ક્રિયાથી ધર્મ થાય છે, એમ કહે છે ને? આવો પ્રશ્ન ઉઠ્યો છે 'જયપુર'માં. આહાહા..!

ભગવાન અહીં કહે છે, પ્રભુ! એ શરીરની ક્રિયા તો જડની છે, અંદર દયા, દાનના વિકલ્પ ઊઠે તે પુણ્યાસ્રવ છે, પાપની હિંસા, જૂઠની તો વાત જ શું કરવી? અને

તેની એક સમયની પ્રગટ પર્યાય છે તેનો આશ્રય કરવો તે પણ ચીજ નથી, એનો આશ્રય કરવો એ તો વિકલ્પ છે. તેનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન કરવું તે પણ જ્ઞાન નહિ. એક સમયનો ચૈતન્યપ્રભુ, તેનું જ્ઞાન કરીને તેમાં વારંવાર લીન થવું, આત્મામાં લીન થવું તેને પવિત્ર નિશ્ચય ચારિત્ર કહેવામાં આવે છે. જુઓ! બે શબ્દ પડ્યા છે. શુદ્ધો હું શુદ્ધો શું કરે? એ તો વિકલ્પ આવ્યો.

એકરૂપ (સ્વરૂપનું) પહેલા જ્ઞાનમાં લક્ષ કરીને પછી એકરૂપમાં એકાકાર ષ્ટિ કરવી, જેમાં ભેદનું લક્ષ રહે નહિ અને નિર્વિકલ્પ પ્રતીત ઉત્પન્ન થાય, એવો દ્રવ્યનો આશ્રય કરવો તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન છે અને તે જ આત્મામાં.., જેવો અખંડ અભેદ શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો છે, તે જ આત્મામાં સ્થિરતા, સ્થિરતા, જામી જવું, લીન થવું, ચરવું, ચરવું. ચરવું એટલે ચારો ચરવો, આનંદનો ચારો ચરવો, આનંદનો અનુભવ કરવો, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તેનું નામ ભગવાન ચારિત્ર કહે છે.

બે શબ્દ વાપર્યા છે. પવિત્ર... સમજ્યા? અને એનો અર્થ ચારિત્ર એટલે નિશ્ચય એમ લેવું. સમજાણું? 'पुण पुणु अप्पा भावियए, सो चारित्त पवित्तु' તે નિશ્ચય ચારિત્રસાચું ચારિત્ર, તે જ પવિત્ર છે અને તે જ મોક્ષનું કારણ છે. આમ છે, ભાઈ! વ્યવહાર ચારિત્ર, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર શ્રદ્ધા એ તો પરાલંબી વિકલ્પ છે, એ કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગનું કથન બે છે, માર્ગ બે નથી. મોટી વિપરીતતા અત્યારે ચાલે છે. નહિ, માર્ગ બે છે. ભગવાન! માર્ગ બે નથી. માર્ગ એક જ છે, પણ કથનશૈલીમાં બે પ્રકાર નિમિત્ત જોઈને આવ્યા, પણ નિમિત્ત છે તે માર્ગ છે જ નહિ. આ એક જ માર્ગ છે. આ 'યોગસાર' છે. ચોરાશી ગાથા છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ છે કે નહિ? એકરૂપ અખંડ અભેદ ચીજ છે કે નહિ? પર્યાયમાં પરિણમન છે એનું અત્યારે લક્ષ (નથી). પર્યાય છે, હો. પર્યાય તેનો સ્વભાવ છે, સ્વભાવ છે, નથી એમ નહિ. એ પર્યાય સ્વભાવ પણ હમણાં લેશે, પણ એ પર્યાયનો આશ્રય કરવાનો નથી. પર્યાયનો આશ્રય કરવાથી વિકલ્પ ઊઠે છે. કેમકે પર્યાય તો એક અંશ છે, સ્થિર નથી. સ્થિર નથી તેની ઉપર લક્ષ કરવાથી તો અસ્થિર વિકલ્પ ઉત્પન્ન થાય છે. આ વસ્તુ સ્થિર બિંબ, સ્થિર ધ્રુવ અનાદિઅનંત (છે), જેમાં અનાદિઅનંત એવો કાળભેદ પણ નથી. એકરૂપતા. તેમાં વારંવાર રમણ કરવું, લીનતા કરવી, રમવું, આનંદનો અનુભવ (કરવો), વારંવાર અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તેનું નામ પવિત્ર ચારિત્ર, મોક્ષનો માર્ગ કહે છે. ભારે વાત, ભાઈ! અઠ્યાવીસ મૂળગુણ ને પંચ મહાવ્રત ક્યાંય રહી ગયા. એ તો વિકલ્પ છે, ભગવાન! ભાઈ! અહીંયાં તો માર્ગ તો સ્વસ્વભાવમાંથી આવે છે કે પરલક્ષી રાગમાંથી આવે છે? ભગવાન અંતર પરિપૂર્ણ પડ્યો છે ને, પ્રભુ! એને વિશ્વાસ નથી. અનંત અનંત ચૈતન્ય રત્નાકર.. ઓ..હો..હો..! સમજાણું કાંઈ?

એક આકાશનો અસ્તિત્વગુણ લો તો આખું વ્યાપક છે. અહીંયાં અસ્તિત્વ ગુણ લો તોપણ આટલામાં વ્યાપક છે, પૂર્ણ છે. એમ નથી કે આટલા ક્ષેત્રમાં જ્ઞાનગુણ છે તો થોડો છે, અસ્તિત્વગુણ છે તો થોડો છે અને આકાશ અનંતગુણા ક્ષેત્રમાં વ્યાપક છે તો મોટો છે, એમ નથી. ક્ષેત્રથી મોટું એની મોટપ નથી. તેના ભાવની મોટપ છે. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશના ધામમાં જે અનંત ગુણ છે, એક એક ગુણનું મહાન અનંત અનંત સામર્થ્ય (છે), મહાનતા છે. એવા એકરૂપ સામર્થ્ય (સ્વરૂપ) દ્રવ્યમાં લીન થવું તે ચારિત્ર છે. ખરેખર એ ચારિત્ર મોક્ષનો માર્ગ છે. ચારિત્રનું કારણ દર્શન, જ્ઞાન છે. દર્શન, જ્ઞાન વગર (ચારિત્ર નથી). પણ ખરેખર મોક્ષનો માર્ગ તો 'ઊદજ્રક્ક ઈઔઽદ્ધ ક્ષ્જ્જદ્ઘ' (છે). સમજાણું કાંઈ? પણ આ ચારિત્ર.

મુમુક્ષુ : એકાગ્ર એટલે સ્થિર થવું વારંવાર.

ઉત્તર : વારંવારનો અર્થ એમાં ને એમાં એકાગ્ર થવું, એમ વારંવાર. વિકલ્પમાં આવી જાય ને? અસ્થિરતા (થાય). અમુક સ્થિરતા તો કાયમ હોય પણ અંતરમાં જામવાની (વાત છે). એકાકાર નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાંથી

ખસી જાય, વળી નિર્વિકલ્પ ઉપયોગમાં આવવું, એમ. અમુક ચારિત્રની સ્થિરતા તો કાયમ હોય, સમજાણું? અહીંયાં 'પુણુ પુણુ' કહ્યું એનો અર્થ એ કે, નિર્વિકલ્પ ઉપયોગમાં વારંવાર આવવું, વારંવાર આવવું. પંચ મહાવ્રત આદિના વિકલ્પ આવી જાય છે પણ વારંવાર ત્યાં જામી જવું તેનું નામ પવિત્ર ચારિત્ર છે. લ્યો એટલો તો શ્લોકનો શબ્દાર્થ થયો. પછી ભાઈએ 'શીતલપ્રસાદે' જરી (ભાવાર્થ લખ્યો છે).

**'પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણીને તેનું શ્રદ્ધાન કરવું જોઈએ.'** થોડી સાધારણ વાત (કરી છે). **'આ આત્મદ્રવ્ય પરિણમનશીલ છે,...'** આ આત્મા દ્રવ્ય છે, વસ્તુ છે અને વર્તમાન પરિણમન (છે). પરિણમન નામ પલટતો સ્વભાવ છે, પલટવું તેનો સ્વભાવ છે. **'ગુણોનો સમૂહ છે.'** ભગવાનઆત્મા અનંત ગુણોનો પિંડ છે. આવે છે કે નહિ? એ..ઈ..! ક્યાં (આવે છે)? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'. દ્રવ્ય કોને કહેવું? ઈ તો પહેલી વ્યાખ્યા છે. ગુણોના સમૂહને. ગુણોના સમૂહને દ્રવ્ય કહેવામાં આવે છે. 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'. હેં? દ્રવ્ય કોને કહે છે? ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. એમ 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં આવે છે. એ જ અહીંયાં કહ્યું, જુઓ! ગુણોનો સમૂહ તે દ્રવ્ય છે. દ્રવ્ય તો એક છે, ગુણનો સમૂહ કહ્યો ને? સમૂહ. ગુણભેદ છે તે બીજી વાત, એક એક ગુણની દૃષ્ટિ કરવાથી તો ખંડ ખંડ થાય છે. ગુણોનો સમૂહ વસ્તુ છે, એકરૂપ વસ્તુ છે.

**'ગુણોમાં સ્વભાવ પરિણમન થવું તે દ્રવ્યનો ધર્મ છે.'** એ ગુણોમાં, પર્યાયમાંઅવસ્થામાં સ્વભાવ પરિણમન થવું એ દ્રવ્યનો ધર્મ છે, પર્યાયનો, હોં! **'પરિણમન શક્તિથી જ ગુણોની સમયે સમયે પર્યાયે થાય છે.'** બદલવાના કારણે એ પર્યાયધર્મ આત્માનો સ્વભાવ છે. પોતાનો પર્યાયધર્મ છે, પલટવું ધર્મ છે, ક્ષણિક પર્યાયમાં પલટવું. તો કહે છે, સમયે સમયે પર્યાય થાય છે.

**'વ્યવહારનયથી આ આત્મા કર્મસહિત મલિન દેખાય છે.'** વ્યવહારથી સંયોગ દેખાય છે. સ્વભાવનયે નહિ, એ નિશ્ચય છે. **'કર્મોના સંયોગથી ચૌદ ગુણસ્થાન અને ચૌદ માર્ગણા રૂપ આત્માની જે અવસ્થાઓ થાય છે તે આત્માનો નિજ શુદ્ધ સ્વભાવ નથી.'** એ ભેદ છે. આશ્રય કરવા લાયક નથી. ભૂતાર્થ એકરૂપ સ્વભાવ છે. ગુણસ્થાન અભૂતાર્થ છે. અભૂતાર્થનો અર્થ નથી, એમ નહિ. આશ્રય કરવા લાયક નથી. ક્ષણિક અવસ્થા છે તે અપેક્ષાએ તેને અભૂતાર્થ નિશ્ચયની અપેક્ષાએ કહ્યું છે.

**'જ્યારે શુદ્ધ નિશ્ચયનયથી જાણવામાં આવે તો આ આત્મા યથાર્થમાં જેવું મૂળ દ્રવ્ય છે તેવું જાણવામાં આવે છે.'** ભેદ નહિ. ચૌદ ગુણસ્થાન આદિ વ્યવહારનયનો વિષય છે ખરો, હોં! છે ખરો. એ વિષય છોડી દે તો તીર્થનો નાશ થઈ જાય. ચોથું, પાંચમું, છઠ્ઠું પર્યાયભેદ જ ન રહે. વ્યવહારનો વિષય જ ન હોય એ ખોટી વાત છે. વ્યવહારનો વિષય છે (પરંતુ) આશ્રય કરવા લાયક નથી.

મુમુક્ષુ : બેય રાખો.

ઉત્તર : બે શી રીતે રાખે? આશ્રય કરવા લાયક એક. બીજી ચીજ જાણવા લાયકનું અસ્તિત્વ જાણવું. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન બધું છે. નથી, એમ નહિ. એ તો આશ્રય કરવા લાયક નથી એ અપેક્ષાએ વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યું છે. વ્યવહાર કહીને ગૌણ કરીને (અભૂતાર્થ કહ્યું છે). તેને ગૌણ કરીને (કહ્યું છે), તેનો અભાવ કરીને નહિ. (કેમકે) પર્યાય તેની છે. પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યું, એટલું લેવું. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને, ગૌણ કરીને વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યું છે. ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ પૂર્ણ મુખ્ય કરી, નિશ્ચય કહીને તેને ભૂતાર્થ કહ્યો. સમજાણું કાંઈ? અભાવ કરીને (કહે તો) પર્યાય છે જ નહિ, એમ થયું. (પર્યાયનું) લક્ષ છોડવું છે માટે તેને ગૌણ

કરવું. પરંતુ છે જ નહિ, એમ છે? પર્યાય છે જ નહિ? પરિણમન છે જ નહિ? ગુણસ્થાન છે જ નહિ? (જો એમ હોય તો) વસ્તુનો નાશ થઈ જાય. સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર ને આ મોક્ષમાર્ગ ને એ બધી પર્યાય છે. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, તેરમું (ગુણસ્થાન) એ બધું શું છે? એ તો બધી પર્યાય છે. પર્યાય નથી? છે. પણ તેમાં પોતાનું પ્રયોજન સિદ્ધ થતું નથી. પ્રયોજન સિદ્ધ કરવા પર્યાયના ભેદને ગૌણ કરીને, અભાવ કરીને નહિ, ગૌણ કરીને વ્યવહાર કહ્યું અને વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યું. ભગવાનઆત્માનું પ્રયોજન સિદ્ધ કરવા માટે એકરૂપ નિશ્ચય મુખ્ય નહિ, મુખ્ય ત્રિકાળ મુખ્ય વસ્તુને નિશ્ચય કહીને, અભેદ કરીને તેને ભૂતાર્થ કહ્યું. વસ્તુ યથાર્થ, યથાર્થ, યથાર્થ. આહા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય ત્રણકાળમાં બીજા કોઈ સ્થાનમાં છે નહિ. વેદાંત ભલે મોટી મોટી વાત કરે કે, આત્મા આવો છે, આત્મા આવો છે. બધી ખોટી વાત છે, બધી વિપરીત વાત છે. સમજાણું કાંઈ? અહીંયાં નિશ્ચયની વાત કરે છે માટે વેદાંત સાથે મળી જાય છે એમ નથી.

ભગવાનઆત્મા અભેદ દ્દષ્ટિમાં મુખ્ય કરીને તેનો આશ્રય કરવો છે, પ્રયોજન સિદ્ધ કરવું છે. પર્યાયના આશ્રયે પ્રયોજન સિદ્ધ નથી થતું. પોતાના કાર્યમાં શાંતિ પ્રગટ કરવી છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે શાંતિ છે. ત્રણે ધર્મ છે, શાંતિ છે, ત્રણે આનંદ છે. તો આનંદનું પ્રયોજન સિદ્ધ કરવા માટે પોતાનો સ્વભાવ ત્રિકાળ જે મુખ્ય છે તેને નિશ્ચય કહીને ભૂતાર્થ એક એ જ છે, એ જ છે એમ કહ્યું પણ પર્યાય છે જ નહિ, એમ નથી. સમજાણું કાંઈ?

**'આ આત્મા સત્ પદાર્થ છે, તે કદી જન્મ્યો નથી, કદી નાશ પામવાનો નથી, સ્વતઃસિદ્ધ છે, કોઈએ તેને ઉત્પન્ન કર્યો નથી...'** જે હોય તેને કોણ ઉત્પન્ન કરે? છે.. છે.. છે.. આદિ-અંત વિનાનો સત્ ભગવાનઆત્મા સત્.. સત્.. છે. સત્ કહો કે છે કહો. છે.. છે.. છે.. તો તેનો સ્વભાવ પણ ત્રિકાળ છે, સ્વભાવ ત્રિકાળ છે, પરિણમન એક સમયની પર્યાય છે. 'આ લોક અનાદિકાળથી છે, છ દ્રવ્યોના સમૂહને લોક કહે છે.' ઠીક, એ તો વાત કરી છે.

**'આત્મા આત્મારૂપે સર્વ સમાન છે તોપણ દરેક આત્માની સત્તા બીજા આત્માની સત્તાથી જુદી છે.'** અનંત આત્મા. નિગોદમાં એક શરીરમાં અનંત (આત્મા છે). ઓહોહો..! એટલી કિંમત તો દે, કહે છે. એક નિગોદનો આટલો કટકો. બટાટા. બટાટાને શું કહે છે? આલુ. લીલ, ફૂગ-કાઈ. એક આટલી કટકી. એ કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધા થયા તેનાથી અનંતગુણા જીવ. સંખ્યાએ અનંત છે એ અપેક્ષાએ સમાન (છે). સત્તા બધાની ભિન્ન ભિન્ન છે. આહાહા..! એ વસ્તુ બાપુ! એ વસ્તુ છે, ભાઈ! એ તો તારા જ્ઞાનની એક સમયની પર્યાયમાં એટલા છ દ્રવ્યોનું આવડું અસ્તિત્વ કબુલ કરે એટલી તો એના જ્ઞાનગુણની એક સમયની પરલક્ષી પર્યાયનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? આ ભગવાનઆત્માનું લક્ષ કરીને જે જ્ઞાનપર્યાય પ્રગટ થઈ એમાં તો અનંતા અનંતા ગુણનો પિંડ પ્રભુ જાણવાની, કબુલાત કરવાની એક સમયની પર્યાયમાં તાકાત છે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ! **'દરેક આત્માની સત્તા બીજા આત્માની સત્તાથી જુદી છે.'**

**'પોતાના આત્માને એકાકી દેખો... '** શ્રદ્ધાનો વિષય છે ને! ભગવાનઆત્મા એકાકી એકલો છે, પરની સાથે કોઈ સંબંધ નથી. **'એમાં ન આઠ કર્મોનો બંધ છે,...'** આમ એકાકી જોવો છે ને! એકલો તો પછી આવશે પણ એણે અહીં અર્થ કર્યો છે. નહિતર એકલો આવશે ૮૬(ગાથામાં). ૮૬માં તો ચોખ્ખો 'એકલો' શબ્દ જ આવશે. ૮૬મી ગાથામાં (કહેશે), **'एक्कलउ इंदिय**

**(પ્રવચનનો શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૧ ઉપર...)**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૧૬ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૨-૪-૧૯૮૩, પ્રવચન નં. ૮૯ (વિષય : માર્ગદર્શન)**

**જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૨૧૬.**

(૪૨:૧૦ મિનિટથી). ૨૧૬. '**જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે.**' માર્મિક ભાષા છે જરા. શું કહે છે? જીવ વિસામો કરી લે છે. દેવલોકમાં બહુ મોટા આયુષ્ય છે. ઓછામાં ઓછું, હલકામાં હલકા વ્યંતરદેવો જે છે એનું આયુષ્ય દસ હજાર વર્ષનું છે. અઘાતિની સ્થિતિ જ મોટી બંધાય છે. કષાયની મંદતામાં અને તીવ્રતામાં બેયમાં. અઘાતિ કર્મની મોટી સ્થિતિ પડે. આ બાજુ નારકીએ જાય તો મોટું આયુષ્ય પડે, આ બાજુ દેવમાં જાય તોપણ મોટું આયુષ્ય પડે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્યાંય પણ જઘન્ય પહેલી નારકીના, પહેલી પૃથ્વીમાં જઘન્ય આયુષ્યધારક નારકીઓ છે એ દસ હજાર વર્ષના છે. એથી ઓછું આયુષ્ય કોઈનું નથી. પણ એક લાંબા આયુષ્યની જે દેવ ક્ષેત્રમાં જવાવાળા જીવોની સ્થિતિ છે એ અઘાતિ કર્મની સ્થિતિ છે. આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય. નામ, ગોત્ર અને વેદનીય એના આયુષ્ય પ્રમાણે લંબાય. આયુષ્યની મુખ્ય પ્રકૃતિ છે. બાકીની ત્રણેય છે એ એની સાથે રહે છે.

તો કહે છે કે બહારમાં એ દેવલોકનો દેવ છે એને હજારો વર્ષ, ઓછામાં ઓછા દસ હજાર વર્ષ છે, પછી તો પલ્યોપમ અને સાગરોપમના આયુષ્ય છે ત્યાં, એ જે આયુષ્ય મોટા છે એ કેમ પૂરા થઈ જાય છે? કે એને વિસામો મળી ગયો. એને એમ થયું કે આ બધું મને ઠીક છે, બહુ સારું, મને આ બધું અનુકૂળ છે એમ જ્યાં અનુકૂળતામાં જીવ વિસામો કરે છે (એમાં) કેટલો કાળ નીકળી જાય છે એનો પત્તો લાગતો નથી. એનું એક નાટક ચાલે ત્યાં સેંકડો વર્ષ અને હજાર વર્ષ નીકળી જાય. નાચ, ગાન ને બીજું ને ત્રીજું. એને કાંઈ બીજું આહાર-નિહારનો તો ઘણાને પ્રસંગ નથી. એટલે એવી રીતે સમય ચાલ્યો જાય છે. કષાયની મંદતાના પરિણામમાં સમયનું વ્યતીત થવું એ બહુ સહેલાઈથી સમયનું નિર્ગમન થઈ જાય છે. કષાયની તીવ્રતામાં એથી ઊલટું સમય જવો આકરો લાગે છે. નારકીમાં એક એક ક્ષણ પસાર કરવી એને આકરી લાગે છે. અહીંયા હજારો વર્ષ ક્યાં ચાલ્યા જાય એને ખબર પડતી નથી. કેમકે ત્યાં કષાયની તીવ્રતા રહે છે, અહીંયાં કષાયની મંદતા રહે છે.

હવે એ અનુસાર જુઓ તો અહીંયાં પણ મનુષ્ય જીવનમાં જો બહારની બહુ પ્રતિકૂળતાઓ ન હોય અને સાધારણ રીતે મનુષ્યોચિત વ્યવહાર સહેલાઈથી ચાલે એવી વ્યવસ્થા પૂર્વ પુણ્યના ઉદયથી થઈ ગઈ હોય તો એની જિંદગી ક્યાં પૂરી થઈ જાય એની ખબર રહેતી

નથી. ક્યાં વર્ષ વયા ગયા એમ કે ખબર ન પડી. એમ કહે છે કે નહિ? ક્યાં વર્ષ જાય છે અને ક્યાં દિવસ જાય છે એની ખબર પડતી નથી. એનો અર્થ શું છે?

મુમુક્ષુ :- સમય સાપેક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સમય સાપેક્ષ નહિ. અહીંયાં પોઈન્ટ કેટલો લેવો છે કે જીવ વિસામો કરી લે છે. વિસામામાં આશરો એને મળે છે કે અહીંયાં ઠીક છે મને. પછી ત્યાંથી ઉખડવાનો વારો આવે આયુષ્ય પૂરું થાય ત્યારે એને પ્રત્યાઘાત આવે છે. એને ખબર પડે કે શરીરની પ્રકૃતિ કોઈ એવી રીતે અસાધારણ પ્રકારે કામ કરે છે કે ક્યારે એવી ગડબડ થશે કે આયુષ્ય પૂરું થઈ જશે. મોટો ફેરફાર એને દેખાય ત્યારે સીધો એને આઘાત ઊભો થાય છે કે અરે..! એ આઘાત કેમ થયો? કે વિસામો નાખીને પડ્યો હતો એટલે આઘાત થયો. ઘર બરાબર છે, કુટુંબ બરાબર છે, સગાવહાલા બરાબર છે, બહારની અનુકૂળતા જરૂરિયાતો મળે એ પ્રમાણે બધું બરાબર છે. જો કે એમાં સખળડખળ તો આ કાળમાં બહુ છે. કાં ઘરમાં હોય ને કાં સગાવહાલામાં હોય, ક્યાંક બીજે હોય, ત્રીજે હોય, કાં સરકારની હોય. પણ છતાં તે સંતોષ માનીને ક્યાંકને ક્યાંક એ વિસામો કરે છે. બધું સરખું ન હોય તો જેટલું સરખું હોય એમાં એની સરખાપણાની કલ્પના થઈ, કે આટલું તો બરાબર છે, એમાં તો ઉપાધિ નથી, આ ઠેકાણે તો ઉપાધિ નથી. એ ત્યાં વિસામો કરે છે એમ કહે છે. આ જરા માર્મિક વાત છે.

**'વિસામામાં કાળ ગાળ્યો...'** એમ કહે છે. સમય લીધો ને? એનો સમય ત્યાં જલ્દી પસાર થઈ જાય છે. ત્યાં એને રસ પડે છે. જ્યાં જીવને રસ પડે ત્યાં સમયનું, કાળનું નિર્ગમન કેટલું થઈ જાય એનો એને ખ્યાલ રહેતો નથી. અને કાળ પસાર થઈ જાય એનો ખ્યાલ ન રહે એ એને રસ પડ્યો એનું લક્ષણ છે. આમ સામે સામું છે. એટલે એમ કહે છે કે આત્માને છોડીને કોઈ એક પ્રકારના રાગમાં મારે આમ કરવું છે... આમ કરવું છે... આમ કરવું છે... આમ કરવું છે.. આમ કરવા માગું છું... એવા બધા જે અનેક પ્રકારના રાગાદિ ભાવો થાય એમાં એને રસ છે. એમ કહે છે. તો એમાં એનો વિસામો છે.

અમુક પ્રકારનો સંયોગ મને બન્યો રહો, આટલો સંયોગ તો મારો જળવાઈ રહો, આટલા માણસો, આટલા પ્રકારે આમ અનુકૂળ એવું જે કાંઈ એણે, સંયોગમાં એણે વિસામો લીધો કે આ ઠીક છે. થઈ રહ્યું. એનો ત્યાં કાળ ગયો. આ ક્ષેત્ર મને ઠીક છે. 'ભાવનગર' જેવું એકેય નહિ. બીજે ક્યાંય ફાવે નહિ. 'ભાવનગર'માં પણ જે શેરીમાં અને જે એરિયામાં રહેતો હોય ત્યાં જ ફાવે અને બીજે ફાવે નહિ. આ પરિસ્થિતિ થઈ જાય છે. ઘર બદલાય તો ફાવે નહિ એને. ઘરે ખાટલો બદલાય અને રૂમ બદલાય તો ફાવે નહિ. ઠીક! ઊંઘ આવે નહિ. આ બધી કૂટેવ થઈ ગઈ હોય છે ને જીવને અનેક પ્રકારે. એણે જે બધું ગોઠવ્યું છે એમાં એક ઈંટ આઘી-પાછી થાય, એક ખીલી આઘી-પાછી થાય એના ચણતરમાંથી (તો) એનો આત્મા આખો આઘો-પાછો થઈ જાય છે. કહે છે કે એ બધા એણે વિસામા કરી નાખ્યા છે.

મુમુક્ષુ :- સલવાઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- સલવાઈ ગયો, આખે આખો એમાં સલવાય ગયો એમ કહે છે. એ સલવાઈ ગયો છે એમાં. એની મુમુક્ષુની એવી તૈયારી હોવી જોઈએ કે કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં મને ન ચાલે અને મને ન ફાવે એ પ્રશ્ન જ ન હોઈ શકે. આ જોઈએ અને આના વિના ચાલે નહિ, એ પ્રશ્ન એને ખલાસ થઈ જવો જોઈએ. નહિતર એની ફસામણ છે, એ જે સલવાઈ ગયો છે એને નીકળવું મુશ્કેલ છે. આમ છે. એમાં એને શું થયું?

આ તો બધું એમ કે સામાન્ય, આવું તો થાય જ ને. આપણે ક્યાં વીતરાગ થઈ ગયા છીએ? હજી આપણે ઘરબારી, સંસારી, ગૃહસ્થ છીએ, ફલાણું છીએ, આટલું તો હોય જ. એમ માનીને બચાવ કરવા જેવો નથી એમ કહે છે. કેમકે એમાં તારો આખો આત્મા ઠગાઈ ગયો છે. તેં તને પોતાને એમાં ઠગી લીધો છે. કેટલો છેતરાઈ ગયો

છે? કે તારું સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન એમાં ચોરાઈ જાય છે. ઠગાઈ જાય છે એટલે ચોરાઈ જાય છે.

જો સમ્યગ્દર્શન ન થાય તો કેવળજ્ઞાન ન થાય. નુકસાન તો કેવળજ્ઞાન પર્યંતનું છે. એમ છે ખરેખર તો. સામાન્ય નુક્સાન નથી. એટલે આમ ન ફાવે અને આનાથી ન ફાવે અને આ સંયોગ જોઈએ અને આ ક્ષેત્ર જોઈએ, મને આવો રાગ ન ફાવે, મને તો આવો રાગ હોવો જોઈએ. એ કાંઈ પ્રશ્ન એને હોવો જોઈએ નહિ. આમ છે. ક્યારે પરિણામ બધેથી સમેટીને એ આત્મામાં લાવી શકે કે આવી શકે? કે આ રીતે એણે ક્યાંય વિસામો ન કર્યો હોય તો. પણ જો એણે વિસામા કરી લીધા હોય કે આ ઘર ને આ કુટુંબ ને આ રાગ ને આ સંયોગ ને આ ક્ષેત્ર ને આ ગામ ને આ લત્તો ને આ રૂમ ને (મને અનુકૂળ છે). કહે છે કે એમાં એનો વિસામો છે એ આત્મા આખો એનો ઠગાઈ ગયો છે. એનું આત્મહિત ત્યાં ચોરાઈ જાય છે અને લૂંટાઈ જાય છે એનો એને ખ્યાલ રહેતો નથી. આ તો ગુરુદેવ જેવા મહાપુરુષો ઘણું મંથન કરીને આ બધું બહાર મૂકેલું છે. ઘણું ઘણું મંથન કરીને એનું દોહન છે આ બધું.

મુમુક્ષુ :- મહાન ઉપકાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને એક એક જગ્યાએથી ઉપાડીને ખેંચ્યો છે કે અહીંયાં સલવાતો નહિ ને તું અહીંયાં સલવાતો નહિ અને અહીંયાં પણ સલવાતો નથી. કોઈ રાગમાં ઠીકપણું માનીશ નહિ. આખરમાં રાગ તે રાગ છે, એની કોઈ કિંમત નથી.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંય જવા ન દે એને. એવો ઉપદેશ છે કોઈ. આત્મહિતનો ઉપદેશ ચારે બાજુથી આત્માને અંતરમાં લાવે છે. એવો ઉપદેશ છે.

તો કહે છે કે કોઈપણ રાગમાં. સંયોગ-વિયોગ તો રાગનું ફળ છે. ક્ષેત્રનો સંયોગ-વિયોગ એ પણ રાગાદિ ભાવોનું ફળ છે. એમાં ક્યાંય એને કોઈ જીવમાં, કોઈ અજીવમાં એટલે કોઈ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં. આ મુનિઓ એક ક્ષેત્ર નથી રહેતા ને? કોઈ મુનિ છે એ એક ક્ષેત્રે વિહાર કરીને સ્થિર ન રહે. એની પાછળ શું કારણ? કે મુનિને કોઈ ક્ષેત્રનો રાગ એવો નથી હોતો કે આ ક્ષેત્ર હવે ઠીક છે. પણ એવું નહિ કે જ્યાં ઘણા ધર્મી વસતા હોય ત્યાં મુનિ રહે તો સારું. ધર્મ પ્રભાવના વધે એવું મુનિને નહિ વિચારમાં હોય અભિપ્રાયમાં? કે જ્યાં ધર્મીજીવો વધારે હોય, ધર્મની ભાવનાવાળા જીવો વધારે હોય તે સાધર્મીઓને ઉપદેશ, તે સાધર્મીઓનું આત્મહિત થાય અને શાસનના કાર્યોમાં પ્રોત્સાહન અને વૃદ્ધિ થાય ત્યાં મુનિ સ્થિર થઈને રહે એવું નહિ કાંઈ? કે નહિ. એ મુનિની મર્યાદામાં નથી.

મુનિને કોઈ ક્ષેત્રનો કોઈ બીજા જીવોનો, દ્રવ્યોનો, પોતાને જ્ઞાન થયું તો પછી મુનિપણું પછી લે, પણ પહેલા કુટુંબીઓને તો જ્ઞાન આપે અને એને તો બધાને તારી દે. એને તો તરવાનું કામ પૂરું કરી લે. પછી વળી મુનિપણું લે. કાંઈ નહિ. કોઈ દ્રવ્યથી રાગ નથી, કોઈ રાગનો રાગ નથી. રાગનો રાગ નથી પછી રાગના ફળમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે બહારના, એના સંયોગ-વિયોગ છે એની પક્કડ તો પછી ક્યાંય રહેવાનો સવાલ રહેતો નથી.

એમ ન થાય એણે વિસામો કરી લીધો. વિસામામાં કાળ ગાળ્યો. આયુષ્ય પૂરું કરતો જાય છે. મૃત્યુની સમીપ પ્રતિ ક્ષણે નજીક ને નજીક જતો જાય છે. દુનિયાના આંકથી આ જુદો આંક છે. ગુરુદેવશ્રી દૃષ્ટાંત આપતા ત્યારે એમ કહેતા કે દીકરા પ્રત્યે મા જોવે છે ત્યારે એમ જોવે છે કે મારો દીકરો રોજ મોટો થતો જાય છે. એક વર્ષનો થયો, બે વર્ષનો થયો, પાંચ વર્ષનો થયો, પચ્ચીસ વર્ષનો યુવાન થયો. તો કહે છે કે પણ ભાઈ! એ આયુષ્યમાં નાનો થતો જાય છે. આમ ઉંમરમાં વધતો જાય છે પણ આયુષ્યમાં એ ઘટતો જાય છે. એ રોજ મૃત્યુની સમીપ ચાલે છે એનો એને વિકલ્પ આવતો નથી. એનો વિચાર નથી આવતો.

આત્માર્થી જીવનું એક લક્ષણ છે. અનેક લક્ષણ છે એમાંથી આ એક લક્ષણ છે કે એને સમયની બહુ કિંમત

હોય. એની પાસે જાણે બહુ ઓછો સમય છે અને કામ ઘણું કરવું છે એટલે ફાલતુ સમય એની પાસે નથી. આ એનું એક લક્ષણ છે.

૧૭ વર્ષની ઉંમરે સમ્યગ્દર્શન ન થયું તો બહેનશ્રીને એમ લાગતું હતું કે અરે..! ૧૭-૧૭ વર્ષ થઈ ગયા ઉંમરમાં અને હજી ધર્મની પ્રાપ્તિ, આત્માની પ્રાપ્તિ નથી. કાલે સવારે પચ્ચીસ થઈ જશે. હજી વિચારધારા ઉપડી વર્ષ- બે વર્ષ થયું છે પણ મોડું થાય છે અને ઝડપથી કામ કરવું જોઈએ એ પ્રકારનું વલણ, પરિણમનમાં એ પ્રકારનું વલણ આવ્યા વિના રહે નહિ. આ પરિસ્થિતિ હોય છે.

જે પંદર વર્ષે સૂઝયું એ તો બાળપણમાં સૂઝી જવું જોઈતું હતું એમ લાગે ત્યાં. ઠીક! હજી તો કુમાર અવસ્થા હોય છે. એ પણ મોડું થયું છે એમ લાગે. એ તો ગળથુથીમાં જાણે મળવું જોઈતું હતું. આત્માના સંસ્કાર તો જાણે કોઈ ગળથુથીમાં આપે તો એટલું વહેલું મળવું જોઈએ. આ તો ઘણું મોડું થઈ ગયું છે. એને શીઘ્રતાથી, ત્વરાથી કામ કરવાનો જે પ્રકાર આવે છે એ એનું જે ધ્યેય છે એમાં એને નિષ્ફળ થવા દેતો નથી. એ એનું બહુ સારું લક્ષણ છે. અને જે પ્રમાદમાં કાળ ગાળે છે કે ઠીક છે, આપણે કરીએ તો છીએને. કાંઈ સાવ નથી કરતા એવું થોડું છે? અહીં તો રોજ ને રોજ કાંઈક તો કરીએ જ છીએ. પછી બીજું શું કરીએ આપણે, શક્તિ છે એટલું કરીએ છીએ.

કહે છે કે એને મોડું થાય છે એ પ્રકાર ઊપજ્યો નથી. એણે વિસામો ત્યાં લીધો છે, જે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં વિસામો લીધો છે. આખો આત્માને એ ઠગે છે. એ પરમાત્મપદને ઠગવાની વાત છે. એ પ્રકાર અહીંયાં જેને આત્મપ્રાપ્તિ કરવી છે એને ઉચિત નથી અને અનુકૂળ નથી. એ ધ્યાન દોર્યું છે અહીંયાં. ઘણી જગ્યાએ એવા બોલ આવે છે કે જેમાં ધ્યાન દોરે છે. જોજે તું ચાલે છો ધર્મના ક્ષેત્રમાં, લાઈન ઠીક કરજે નહિતર આખો આત્મા ઠગાઈ જશે. એવી અનેક વાતો છે આમાં.

***

---


(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનનો શેષ અંશ...)

रहियउ' એટલે અહીંથી એકલો લેવો છે ને! ૮૬માં પહેલો શબ્દ ઈ છે. ભગવાનઆત્માને એમ જોવો કે જેમાં આઠ કર્મોનો સંબંધ નથી. '**ન એમાં રાગાદિ વિકારી ભાવ છે, ન કોઈ સ્થૂળ ઔદારિક અને વૈક્રિયિક શરીર છે. આ આત્મા શુદ્ધ સ્ફટિકમણિ સમાન પરમ નિર્મળ છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ ગુણોનો સાગર છે. આ આત્મા ન કોઈનું ઉપાદાન કારણ છે, ન કોઈનું નિમિત્ત કારણ છે.** '

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (મે-૨૦૨૧)નું શુલ્ક શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદભાઈ વોરા, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

**પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા**
**મંગલ વાણી-સીડી-૯-B**



એને પોતાને અંતરથી એટલો વિશ્વાસ આવવો જોઈએ તો કરી શકે કે ભવ નથી.

પ્રશ્ન :- એટલે કોઈ આત્માર્થીને ખરેખર આત્માર્થ પ્રગટ થયો હોય તો એ પોતાના માટે એમ નક્કી કરી શકે કે મને ભવ નથી. એવું નિઃશંકપણે એ પોતે નક્કી કરી શકે?

ઉત્તર :- પોતે કરી શકે. સમ્યગ્દર્શન થયા પહેલા પણ પોતાને એવી જાતની હૂંફ પોતાને આવે તો થઈ શકે છે.

પ્રશ્ન :- નક્કી ન થઈ શકે એવું નહિ.

ઉત્તર :- ન જ થઈ શકે એવું નથી. ઓલું તો સ્પષ્ટ જ છે સમ્યગ્દર્શન થયા પછી, પણ પોતાની ભાવના, પોતાની આત્માર્થતા એના ઉપરથી એવો કોઈ પાત્ર જીવ હોય તો નક્કી કરી શકે.

પ્રશ્ન :- આત્માર્થીતા ઉપર જ એનો આધાર છે.

ઉત્તર :- એનો આધાર આત્માર્થીતા ઉપર છે, એની પાત્રતા ઉપર છે.

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન છે. 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં ૯૪મો બોલ છે એમાં આ પ્રમાણે છે કે શુદ્ધાત્માના અનુભવમાં ધર્મી જીવ મુખ્યપણે રાગ-દ્વેષના કર્તા કે ભોક્તા નથી. મુખ્યપણે શા માટે લીધું એ આશંકા કરીને જાણવું છે. મુખ્યપણે રાગ-દ્વેષના કર્તા-ભોક્તા નથી. એટલે સામાન્યપણે તો આપણે એમ કહીએ છીએ કે ધર્મી જીવ રાગ-દ્વેષના કર્તા અને ભોક્તા કે સ્વામીત્વપણું એને નથી હોતું. અને બીજો એવો જ એક પ્રશ્ન છે કે પણ સ્વભાવદૃષ્ટિમાં નિર્મળ પર્યાયને કરે છે અને તેના આનંદને ભોગવે છે. સ્વભાવદૃષ્ટિનો વિષય તો ધ્રુવ જ્ઞાયક છે. એમાં આનંદને કરે છે અને ભોગવે છે એમ કઈ રીતે લીધું?

ઉત્તર :- સ્વભાવદૃષ્ટિથી એમ લીધું છે?

પ્રશ્ન :- સ્વભાવદૃષ્ટિમાં નિર્મળ પર્યાયને કરે છે અને આનંદને ભોગવે છે.

ઉત્તર :- મુખ્યપણે કર્તા-ભોક્તા નથી એટલે કે એને હજી અસ્થિરતા ઊભી છે. દૃષ્ટિની અપેક્ષાએ કર્તા-ભોક્તા નથી, સ્વામીત્વબુદ્ધિ નથી. અને હું જ્ઞાયક છું. આ જે વિભાવભાવ મારો સ્વભાવ નથી. એ મારા સ્વભાવથી વિરુદ્ધ છે. મારામાંથી ઉત્પન્ન થાય છે એમ નથી. મારી પુરુષાર્થની મંદતાએ થાય છે. હું એનો કર્તા નથી. એ ભાવોને ઉત્પન્ન કરનાર હું નથી. એ તો જ્ઞાયક છે. મુખ્યપણે નથી એટલે કે દૃષ્ટિની અપેક્ષાએ નથી. અસ્થિરતામાં હજી ઊભો છે. રાગ-દ્વેષ ન જ હોય તો વીતરાગ થઈ જાય. અસ્થિરતાની અપેક્ષાએ છે માટે મુખ્યપણે નથી એમ કીધું છે.

પ્રશ્ન :- એમ કહેવું છે કે પરિણમનની અપેક્ષાએ તો એ કર્તા અને ભોક્તા છે જ.

ઉત્તર :- પરિણમન અપેક્ષાએ છે. પણ એને સ્વામીત્વબુદ્ધિ નથી માટે એ કર્તા-ભોક્તા નથી.

પ્રશ્ન :- એટલા માટે મુખ્યપણે...

ઉત્તર :- એટલે મુખ્યપણે કહે છે.

પ્રશ્ન :- પરિણમનની અપેક્ષાએ કર્તા-ભોક્તાપણું ત્યાં બતાવવું છે.

ઉત્તર :– હા, એ અપેક્ષાએ છે, અસ્થિરતામાં છે.

પ્રશ્ન :– સ્વભાવદષ્ટિમાં નિર્મળ પર્યાનો કર્તા અને ભોક્તા છે.

ઉત્તર :– સ્વભાવદષ્ટિની અપેક્ષાએ એટલે કે જે પોતે દ્રવ્ય ઉપર દષ્ટિ મૂકી એની અપેક્ષાએ એમ નથી કહેવું. સ્વભાવદષ્ટિએ એટલે કે વિભાવનો કર્તા–ભોક્તા નથી પણ સ્વભાવનો કર્તા–ભોક્તા છે. નિર્મળ પર્યાયને પોતે કરે છે અને નિર્મળ પર્યાયને પોતે ભોગવે છે. એમ. સ્વભાવદષ્ટિએ એટલે કે દ્રવ્ય ઉપર દષ્ટિ છે એની અપેક્ષાએ એમ નથી કહેવું. સ્વભાવની અપેક્ષાએ એમ. વિભાવની અપેક્ષાએ કર્તા–ભોક્તા નથી વિભાવનો પણ સ્વભાવનો કર્તા–ભોક્તા છે. એમ કહેવું છે.

પ્રશ્ન :– સ્વભાવદષ્ટિમાં એનો અર્થ એ કે સ્વભાવદષ્ટિ જેને પ્રગટ થઈ છે એ સ્વભાવનો કર્તા અને ભોક્તા છે.

ઉત્તર :– એ સ્વભાવને નિર્મળ પર્યાયને પ્રગટ કરે છે. નિર્મળ પર્યાયની સાધનામાં નિર્મળ પર્યાય પ્રગટ કરે છે, એને પોતે ભોગવે છે. એનો પોતે કર્તા છે. એટલે કે જે દ્રવ્ય ઉપર દષ્ટિ છે એની અપેક્ષાએ એ દ્રવ્યદષ્ટિના વિષયમાં તો એ કાંઈ નથી. એટલે વિભાવ અને સ્વભાવ એમ ભેદ પાડ્યો છે. એટલે કે સ્વભાવદષ્ટિએ કર્તા–ભોક્તા પોતાના સ્વભાવનો કર્તા–ભોક્તા છે પણ વિભાવનો કર્તા–ભોક્તા નથી એમ કહેવું છે.

પ્રશ્ન :– સ્વભાવદષ્ટિની અપેક્ષાએ નહિ.

ઉત્તર :– એ જે દ્રવ્ય ઉપર દષ્ટિ છે એની અપેક્ષાએ એમ નથી કહેવું. પણ સ્વભાવદષ્ટિ એટલે સ્વભાવની અપેક્ષાએ એમ. વિભાવની અપેક્ષાએ કર્તા–ભોક્તા નથી પણ સ્વભાવનો કર્તા–ભોક્તા છે એમ કહેવું છે.

પ્રશ્ન :– સ્વભાવની અપેક્ષાએ એના સ્વભાવને જોઈએ તો એ સ્વભાવનો કર્તા અને ભોક્તા છે.

ઉત્તર :– સ્વભાવ તરફ જોઈએ, સ્વભાવની અપેક્ષા લ્યો તો એની અપેક્ષાએ એ કર્તા–ભોક્તા છે. સ્વભાવ તરફ જોઈએ તો. સ્વભાવ તરફ જોવો તો કર્તા–ભોક્તા છે. વિભાવની અપેક્ષાએ નથી. પણ દ્રવ્યદષ્ટિના વિષયની અપેક્ષાએ છે એમ નથી કહેવું અહીં.

પ્રશ્ન :– આત્માના સ્વભાવથી જોઈએ તો નિર્મળ કર્તા અને ભોક્તા છે.

ઉત્તર :– કર્તા–ભોક્તા છે. હા, એમ કહેવું છે. એ કર્તા–ભોક્તા છે જ નહિ એમ નહિ. સ્વભાવનો કર્તા–ભોક્તા છે. અને નિર્મળ પર્યાય પ્રગટ થાય છે એને પોતે પુરુષાર્થથી પ્રગટ થાય એને પોતે કરે છે, એને તે ભોગવે છે એમ.

પ્રશ્ન :– સ્વભાવ અપેક્ષાએ સ્વભાવનો કર્તા અને ભોક્તા છે પણ વિભાવનો કર્તા અને ભોક્તા સ્વભાવ અપેક્ષાએ નથી.

ઉત્તર :– વિભાવનો કર્તા–ભોક્તા સ્વભાવ અપેક્ષાએ નથી.

પ્રશ્ન :– માતાજી! 'શ્રીમદ્જી'માં એક આવે છે કે જ્યાં સુધી અસ્તિત્વ ભાસ્યું નથી, અસ્તિત્વ ભાસવાથી સમકિત થાય છે.

ઉત્તર :– 'શ્રીમદ્જી'માં આવે છે?

પ્રશ્ન :– આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસવાથી સમકિત થાય છે. અસ્તિત્વ એક વખત ભાસે તો તે દષ્ટિની માફક નજરાય છે અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. એમ કોઈ અપેક્ષાએ સમ્યક્ સન્મુખ મિથ્યાદષ્ટિ જીવને પણ અનુભવ પહેલા આવો કોઈ પ્રકાર ભજે ખરો? અનુમાન જ્ઞાનમાં પોતાનું અસ્તિત્વ નજરાય ખરું?

ઉત્તર :– એમ બધું એમાં જ લખેલું છે ને?

પ્રશ્ન :– ના, આ પાછળનો પ્રશ્ન... અહીંયાં સુધી પુસ્તકમાં છે કે નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. એટલું 'શ્રીમદ્જી'ના બોલમાં છે.

ઉત્તર :– એ સમ્યગ્દૃષ્ટિનું...

પ્રશ્ન :– એમાંથી આ પ્રશ્ન એક કર્યો છે કે એમ સમ્યક્ સન્મુખ મિથ્યાદષ્ટિ જીવને પણ અનુભવ પહેલા આવો કોઈ પ્રકાર ભજે ખરો? એટલે કે અનુમાન જ્ઞાનમાં પોતાનું અસ્તિત્વ નજરાય ખરું?

ઉત્તર :– અનુમાન જ્ઞાનમાં પણ અસ્તિત્વ નજરમાં આવે ખરું. પણ એ એને સહજરૂપ નથી. એ યથાર્થ એ સ્વભાવની અપેક્ષાએ જે પરિણતિરૂપ છે એમ તો ન કહી શકાય. પણ એ નજરમાં આવવાનો પ્રયત્ન કરે તો એને દૃષ્ટિમાં અસ્તિત્વ આવે ખરું. એમ. પણ ખરું બરાબર યથાર્થપણે તો સમ્યગ્દૃષ્ટિને આવે છે. અસ્તિત્વ જે ગ્રહણ થાય છે, નજરમાં આવી જાય છે. અસ્તિત્વ જ અનંત કાળમાં ગ્રહણ થયું નથી. ત્યારપહેલા સમ્યક્ત્વ સન્મુખ હોય એ એને જ્ઞાનથી, બુદ્ધિથી એના નજરમાં આવે ખરું અસ્તિત્વ. કેમકે જ્ઞાન એનું સાધન બને છે. આવે ખરું. પણ એને યથાર્થ ક્યારે કહેવાય? કે એની પરિણતિ પલટાય ત્યારે. પહેલા આવે ખરું.

પ્રશ્ન :– સમ્યગ્દૃષ્ટિની જેમ એને પણ અનુમાન જ્ઞાનમાં અસ્તિત્વ નજરાય ખરું? નજરમાં રહ્યા કરે?

ઉત્તર :– આવે ખરું. નજરમાં આવે ખરું, નજરમાં આવે ખરું. પણ એ સહજરૂપ હોતું નથી. એમ.

પ્રશ્ન :– સહજરૂપ નહિ હોવા છતાં રુચિનો પલટો આ બાજુ જેટલો વધારે મારે એટલા પ્રમાણમાં એને એ અસ્તિત્વ નજરાયા કરે એમ બને ખરું?

ઉત્તર :– રુચિનો પલટો આ બાજુ હોય તો વારેવારે નજરમાં આવે ખરું. પણ અહીંયાં એટલો એ ટકી શકતો નથી. વારેવારે એને પ્રયત્ન કરીને એ બાજુ જાય છે. સહજ નથી એટલે સમ્યગ્દૃષ્ટિની જેમ એ ટકી શકતો નથી. વારેવારે એને ખ્યાલમાં–અનુમાન જ્ઞાનમાં લીધા કરે છે. ટકી શકતો નથી. વારેવારે વિચારો કરી કરીને ત્યાં દૃષ્ટિને સ્થિર રહેવા પ્રયત્ન કરે છે દૃષ્ટિમાં.

પ્રશ્ન :– ઉપયોગમાં ઉપયોગ પર તરફ જાય એટલે એ તો વારેવારે ન રહી શકે. પણ જેટલી રુચિ થઈ છે એટલા પ્રમાણમાં એને એ આવ્યા કરે એમ બને?

ઉત્તર :– રુચિમાં આવે ખરું પણ સમ્યગ્દૃષ્ટિને છે એવી રીતે એ આવી શકતું નથી. એના અનુમાન જ્ઞાનમાં આવે ખરું પણ ઉપયોગ તો પલટાય છે પણ રુચિ એને એટલી રાખી શકતી નથી. રુચિ તે બાજુ હોય છે પણ એટલું એને દૃઢપણે એ રાખી શકતી નથી. અમુક પ્રકારે રહે છે. સમ્યગ્દૃષ્ટિને રહે એવી રીતે રહેતું નથી.

પ્રશ્ન :– એટલે રુચિમાં પણ ચડ-ઉતર અથવા ઓછી-વધતી એમ થયા કરે એવું બનતું હશે?

ઉત્તર :– જ્યાં સુધી રુચિ જ્યાં સહજરૂપ હજી નથી ત્યાં સુધી એમાં મંદ-તીવ્ર થયા કરે છે.

પ્રશ્ન :– એમાં કારણ પુરુષાર્થની પોતાની જ નબળાઈ કે કર્મનો ઉદય કે નિમિત્તપણું સાથે લઈશું?

ઉત્તર :– પોતાની નબળાઈ છે. કર્મ તો બધે સાથે હોય જ છે પણ પોતાના પુરુષાર્થની પોતાની નબળાઈ છે. પુરુષાર્થ કરે તો કર્મ તો ચાલ્યા જાય છે. કર્મનું નિમિત્ત તો બધે સાથે હોય છે પણ ખામી પોતાની હોય છે.

પ્રશ્ન :– જોર પુરુષાર્થની નબળાઈ ઉપર જ દેવું?

ઉત્તર :– પુરુષાર્થની નબળાઈ ઉપર જ જોર દેવું. તો જ એ આગળ વધી શકે છે. કર્મ કાંઈ એવું પરાધીન બનાવી

દેતું નથી કે પોતે પુરુષાર્થ કરી શકે નહિ. પોતાની ખામીથી રોકાય છે. પોતે પુરુષાર્થ કરે તો આગળ જાય છે. બધા સાધનો મળ્યા, 'ગુરુદેવ' મળ્યા, આટલું સ્પષ્ટ કર્યું પછી જે પોતે વિચાર કરીને આગળ જાય. છતાં ન બને તો પોતાની ખામી છે.

પ્રશ્ન :- આત્મામાં શક્તિ તો એક સમયમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની છે. પણ છતાં વર્તમાન પર્યાયની યોગ્યતા એવા પ્રકારની છે કે જેમાં આટલો પુરુષાર્થ પણ પ્રગટ ન કરી શકે.

ઉત્તર :- એ સહજ પોતાની એવી જાતની પુરુષાર્થની ખામી જ છે. 'ગુરુદેવ' કહે છે એમાં કાંઈ કારણ નથી. અકારણ પારિણામિક દ્રવ્ય. પોતાની ખામીથી પોતાની પરિણતિ પોતે પલટાવતો નથી.

પ્રશ્ન :- ત્યાં યોગ્યતા લઈએ અને પુરુષાર્થની કમજોરી લઈએ, એમાં વધારે પુરુષાર્થની કમજોરી લેવી એ વધારે આત્માર્થી માટે સારું છે.

ઉત્તર :- આત્માર્થી માટે હિતરૂપ છે, પુરુષાર્થની ખામી તે. તો એને ખટક થઈને આગળ જવાનું કારણ થાય છે.

પ્રશ્ન :- યોગ્તામાં તો પ્રમાદ પણ આવવાનો.

ઉત્તર :- પ્રમાદ આવી જાય કે હવે જે થવાનું હશે એ થાશે, એવી યોગ્યતા જ છે. એમ જ એને જીવને બચાવ તરફના પડખા લેતા તો જરાય વાર લાગતી નથી. થાય નહિ તો બચાવના પડખા એકદમ આવી જાય છે. પુરુષાર્થ તરફ જાય તો એને ખટક રહે કે મારે જ કરવાનું છે. હું મારા પ્રમાદને કારણે જ રોકાણો છું. પ્રમાદ છે માટે જ નથી આગળ જવાતું. એટલી લાગી નથી માટે નથી જવાતું. 'શ્રીમદ્જી'માં આવે છે ને કે અટકવાના ઘણા સાધનો હોય છે. જીવ ગમે ત્યાં અટકી જાય છે.

પ્રશ્ન :- માતાજી! આમાં એક પડખું આકુળતા વધારે થઈ જાય. મારા પ્રમાદથી જ આ પ્રમાણે થયું છે. હું પુરુષાર્થ નથી કરતો માટે થતું નથી. આકુળતા કાંઈ વધી જવાનું એવું કાંઈ ન બને?

ઉત્તર :- એ બધું આત્માર્થીએ જોવાનું છે. આકુળતા વધી જાય તો એવી રીતે પણ માર્ગ મળતો નથી. બહુ વધારે મૂંઝવણ થઈ જાય, એવું થઈ જાય તોપણ માર્ગ મળતો નથી. માર્ગ શાંતિથી, ધીરજથી આગળ જવાય છે. પુરુષાર્થ ઉપર ધ્યાન રાખે. મારો પ્રમાદ છે. પણ એમ બહુ આકુળતા કરવાથી મૂંઝવણ થાતી હોય તો શાંતિ અને ધીરજ રાખવી. પ્રમાદ છે કે શાંતિ છે કે ધીરજ છે કે શું છે એ બધું પોતે વિચારવાનું રહી જાય છે. એક ટીપું ટીપું નાખતા નાખતા કોરું કોડિયું હોય ને શકોરું ભીનું થાય છે. એમાં કેટલી ધીરજ રાખવી પડે છે. એમ ધીરજ રાખે તો થાય. ધીરજ અને શાંતિ રાખે. મૂંઝવણ કરે કાંઈ થાતું નથી. મૂંઝવણથી માર્ગ મળતો નથી. શાંતિથી, પોતે ધીરજથી એનો માર્ગ પોતે જ કાઢે. કુશળતાથી એ માર્ગ કાઢે. પુરુષાર્થ કરે અને બધું શાંતિ અને ધીરજ રાખે તો જ આગળ જવાય છે.

પ્રશ્ન :- કુશળતાપૂર્વક...

ઉત્તર :- પોતે અંદરથી પોતાની યોગ્યતા કેવી એ સમજીને આગળ જાય છે એમ. માર્ગ મળે પણ પુરુષાર્થ ન ઉપડતો હોય. ક્યાંક ક્યાંક રોકાતો હોય તો પુરુષાર્થ કરે અને મૂંઝવણ થઈ જાતી હોય તો શાંતિ રાખે, ધીરજ રાખે. અત્યારે નથી થઈ શકતું પણ મારે જ કરવું છે, હું કરવાનો જ છું એમ ભાવના રાખી.

પ્રશ્ન :- મૂંઝવણ થતી વખતે આ રીતે વિચારવું?

ઉત્તર :- એમ કે થઈ નથી શકતું પણ મારે કરવું છે. પણ શાંતિ રાખે. થાય નહિ, વધારે આગળ જવાય નહિ. 'ગુરુદેવ' કહે છે ને કે તું જ્ઞાયકને બારણે ટહેલ માર્યા કરજે, ન આગળ જવાય તો, પણ છોડીશ નહિ. બહુ મૂંઝાય

જાય તો છોડી દેવાય. એમ મૂંઝાવું નહિ. ત્યાં ને ત્યાં ભલે ત્યાં ને ત્યાં ટકતો, ત્યાં ને ત્યાં રહેતો હોય પણ ત્યાં ને ત્યાં વારંવાર જ્ઞાયકને બારણે ટહેલ માર્યા કરજે તો કાંઈક આગળ જવાનો અવકાશ રહેશે.


પ્રશ્ન :– જ્ઞાયક ભીક્ષા ન આપે તો ટહેલ માર્યા કરવી વારંવાર?

ઉત્તર :– જ્ઞાયક ભીક્ષા ન આપે? ટહેલ માર્યા જ કરવી. તો જ્ઞાયકદેવ કો'ક દી પ્રસન્ન થઈ જાય. ભગવાનને બારણે ટહેલ માર્યા કરે તો ભગવાન પ્રસન્ન થઈ જાય. જ્ઞાયકને બારણે ટહેલ મારે તો જ્ઞાયકદેવ પ્રસન્ન થઈ જાય. 'ગુરુદેવ'ને બારણે ટહેલ મારવાથી 'ગુરુદેવ' પ્રસન્ન થાય. એમ પોતાની ભાવના રાખવાની છે. છોડીશ નહિ જ્ઞાયકને. શાંતિથી... આટલો કાળ ગયો, કેમ નથી થતું? એને કાંઈ કાળની મર્યાદા ન હોય. જ્ઞાયકની પરિણતિને કાળની મર્યાદા ઉપર વિચાર નહિ કરતા હું ભાવના ભાવું છું, પુરુષાર્થ કરું છું તોપણ થાતું નથી તો શાંતિ અને ધીરજથી મારે કરવું જ છે. તો જ્ઞાયકને બારણે તું એમને એમ ટહેલ માર્યા કરજે, ન થાતું હોય તો. એના એ વિચારો, એની ભાવના એ બધું એકનું એક કર્યા કરવું. જેને મહિમા લાગે, જેને ગ્રહણ કરવું છે એને ટહેલ મારવાથી પ્રસન્ન થયા વગર રહેશે નહિ. તને એ ગ્રહણ કરવું જ છે તો.

પ્રશ્ન :– વિશ્વાસ માતાજી ટકતો નથી. અમુક કાળ જાય છે અને છતાં પ્રયત્ન કરે કાંઈ ન થાય એટલે વિશ્વાસ ડગી જાય છે. પછી આપના થોડા વચન આવી રીતે સાંભળીએ તો પાછી ધીરજ ... એમ આવે કે ના એ તો એમ થયા કરે અને આ રીતે આગળ વધાય.

ઉત્તર :– વિશ્વાસ રાખ્યા કરવો જોઈએ. માર્ગ તો 'ગુરુદેવે' બતાવ્યો છે, માર્ગ તો આ જ છે. માર્ગ તો સ્પષ્ટ થઈ ગયો છે. અંતરમાં કરવાનું પોતાને જ રહે છે. બીજા લોકમાં તો માર્ગ નથી મળતા. ક્યાં ક્યાં ચડી ગયા હોય છે. આ તો માર્ગ તો એક બરાબર હાથમાં આવી ગયો છે કે કયે માર્ગે જવાનું છે. પછી હવે પુરુષાર્થ કરવાનો પોતાને રહે છે. વારંવાર પુરુષાર્થ કરીને વિશ્વાસથી, દ્રઢતાથી આગળ જાય તો જઈ શકાય છે.

***




પત્રાંક-૨૫૫

મુંબઈ, અષાઢ સુદ ૧૩, ૧૯૪૭

ૐ

સુખના સિંધુ શ્રી સહજાનંદજી, જગજીવન કે જગવંદજી;
શરણાગતના સદા સુખકંદજી; પરમસ્નેહી છો (!) પરમાનંદજી.

અપૂર્વ સ્નેહમૂર્તિ એવા આપને અમારા પ્રણામ પહોંચે. હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ. તમારો સત્સંગ નિરંતર ઈચ્છીએ છીએ.

અમારી દશા હાલમાં કેવી વર્તે છે તે જાણવાની આપની ઈચ્છા રહે છે; પણ જેવી વિગતથી જોઈએ, તેવી વિગતથી લખી શકાય નહીં એટલે વારંવાર લખી નથી. અત્રે ટૂંકામાં લખીએ છીએ.

એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઈચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત, નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી; જાતભાતનો કંઈ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્યું નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતાં ખેદ રહે છે; સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઈચ્છા નથી; શબ્દાદિક વિષયો અનુભવ્યા સ્મૃતિમાં આવવાથી, અથવા ઈશ્વરેચ્છાથી તેની ઈચ્છા રહી નથી; પોતાની ઈચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે; જેમ હરિએ ઈચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ; હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે; પાંચે ઈંદ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે; નય, પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતાં નથી; કંઈ વાંચતાં ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઈચ્છા પ્રમાણે વર્તે છે; મન પોતાને સ્વાધીન છે કે કેમ એનું યથાયોગ્ય ભાન રહ્યું નથી. આમ સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે. એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે; એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ; અને જેટલી છૂપી રખાય છે, તેટલી હાની છે. યોગ્ય વર્તીએ છીએ કે અયોગ્ય એનો કંઈ હિસાબ રાખ્યો નથી. આદિપુરુષને વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે; આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ; અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઈએ તેવી પ્રવહતી નથી, એમ જાણીએ છીએ; આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ નિશ્ચળપણે જાણીએ છીએ; પણ તે કરવામાં કાળ કારણભૂત થઈ પડ્યો છે; અને એ સર્વનો દોષ અમને છે કે હરિને છે, એવો ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી. એટલી બધી ઉદાસીનતા છતાં વેપાર કરીએ છીએ; લઈએ છીએ, દઈએ છીએ, લખીએ છીએ, વાંચીએ છીએ; જાળવીએ છીએ, અને ખેદ પામીએ છીએ. વળી હસીએ છીએ - જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે; અને તેનું કારણ માત્ર હરિની સુખદ ઈચ્છા જ્યાં સુધી માની નથી ત્યાં સુધી ખેદ મટવો નથી.

(અ) સમજાય છે, સમજીએ છીએ, સમજશું; પણ હરિ જ સર્વત્ર કારણરૂપ છે.

જે મુનિને આપ સમજાવવા ઈચ્છો છો, તે હાલ જોગ્ય છે, એમ અમે જાણતા નથી.

અમારી દશા મંદ જોગ્યને હાલ લાભ કરે તેવી નથી, અમે એવી જંજાળ હાલ ઈચ્છતા નથી; રાખી નથી; અને

તેઓ બધાનો કેમ વહીવટ ચાલે છે, એનું સ્મરણે નથી. તેમ છતાં અમને એ બધાની અનુકંપા આવ્યા કરે છે; તેમનાથી અથવા પ્રાણીમાત્રથી, મનથી ભિન્ન ભાવ રાખ્યો નથી, અને રાખ્યો રહે તેમ નથી. ભક્તિવાળાં પુસ્તકો ક્વચિત્ ક્વચિત્ વાંચીએ છીએ; પણ જે સઘળું કરીએ છીએ તે ઠેકાણા વગરની દશાથી કરીએ છીએ.

અમે હાલમાં ઘણું કરીને આપના કાગળોનો વખતસર ઉત્તર લખી શકતા નથી; તેમ જ પૂરા ખુલાસાથી પણ લખતા નથી, તે જોકે યોગ્ય તો નથી; પણ હરિની એમ ઇચ્છા છે, જેથી તેમ કરીએ છીએ. હવે જ્યારે સમાગમ થશે, ત્યારે અમારો એ દોષ આપને ક્ષમા કરવો પડશે એવી અમારી ખાતરી છે.

અને તે ત્યારે મનાશે કે જ્યારે તમારો સંગ હવે ફરી થશે. તે સંગ ઇચ્છીએ છીએ, પણ જેવા જોગે થવો જોઈએ, તેવા જોગે થવો દુર્લભ છે. ભાદરવામાં જે આપે ઇચ્છા રાખી છે, તેથી કંઈ અમારી પ્રતિકૂળતા નથી, અનુકૂળતા છે; પણ તે સમાગમમાં જે જોગ ઇચ્છીએ છીએ તે જો થવા દેવા હરિની ઇચ્છા હોય અને સમાગમ થાય તો જ અમારો ખેદ મટે એમ માનીએ છીએ.

દશાનું ટૂંકું વર્ણન વાંચીને, આપને ઉત્તર લખાયા ન હોય તે માટે ક્ષમા આપવાની વિજ્ઞાપના કરું છું.

પ્રભુની પરમ કૃપા છે. અમને કોઈથી ભિન્ન ભાવ રહ્યો નથી; કોઈ વિષે દોષબુદ્ધિ આવતી નથી; મુનિ વિષે અમને કોઈ હલકો વિચાર નથી; પણ હરિની પ્રાપ્તિ ન થાય એવી પ્રવૃત્તિમાં તેઓ પડ્યા છે. એકલું બીજજ્ઞાન જ તેમનું કલ્યાણ કરે એવી એમની અને બીજા ઘણા મુમુક્ષુઓની દશા નથી. 'સિદ્ધાંતજ્ઞાન' સાથે જોઈએ, એ 'સિદ્ધાંતજ્ઞાન' અમારા હૃદયને વિષે આવરિતરૂપે પડ્યું છે. હરિઇચ્છા જો પ્રગટ થવા દેવાની હશે તો થશે. અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે, અને તેમ છતાં આમ વહીવટમાં છીએ, એ એની ઇચ્છાનું કારણ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

***

(પૂજ્ય સોગાનીજીના વચનામૃત..)

બંધનરહિત સ્વભાવ માટે વાંચન, મનન, ઘૂંટણ કરું તો પક્કડમાં આવે, તે વાત જ નથી. 'તે તો હું ત્રિકાળી જ છું' એમ વર્તમાનમાં જ તેમાં થંભી જાઓ. (વિકલ્પાતીત સ્વભાવના વિકલ્પથી ક્યારેય અનુભવ થતો નથી; પરંતુ નિર્વિકલ્પ સ્વભાવની પ્રત્યક્ષતાને પ્રત્યક્ષપણે આવિર્ભૂત કરવાથી, પરોક્ષતા વિલીન થઈને અતીન્દ્રિય પ્રત્યક્ષ અનુભવ થાય છે. (૩૯૪)

***

સાંભળવાની રુચિ તો બધાની (ચર્ચા સાંભળવાવાળાને લક્ષમાં લઈને) ઠીક છે, પરંતુ તેનાથી અનંતગુણી રુચિ અંદરની હોવી જોઈએ. (૪૧૩)

***

ખરેખર તો બળવાન વસ્તુનું બળ આવવું જોઈએ. (૪૧૬)

***



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

આપણે તો આપણું સમજવું. બીજો કેવી રીતે સમજે છે, કેવી રીતે નહિ, તેનું શું પ્રયોજન? બીજામાં રોકાશે તો પોતાનો કાળ વ્યર્થ ચાલ્યો જશે. (૩૦૨)

***

પ્રશ્ન :- સ્વ-પરની પ્રતીતિ કરવાનું તો શાસ્ત્રમાં આવે છે ને?

ઉત્તર :- અરે, સ્વની પ્રતીતિ કરો! પરની પ્રતીતિ (પરમાં નહિ, પરંતુ) તેમાં આવી જશે. પોતાની ખુદની પ્રતીતિ કરો. (૩૨૭)

***

પ્રશ્ન :- પક્ષ અહીં (સ્વરૂપમાં) આવ્યા વિના કઈ રીતે કરે?

ઉત્તર :- અરે ભાઈ! વિકલ્પાત્મકભાવમાં (નિર્ણયમાં) તો આ પક્ષ કરો; પછી અહીં (સ્વરૂપમાં) જામી જાઓ. (૩૩૦)

***

પરિણામનો વિવેક તો, જે અનંત સુખી થવા ચાહે છે, તેને સહજ હોવો જોઈએ. (૩૫૭)

***

‘પુરુષાર્થ કરું’ ‘જ્ઞાન કરું’ તે અભિપ્રાય પણ હઠાવી દે. ‘તું વર્તમાનમાં જ પુરુષાર્થની ખાણ છો’ વર્તમાન પરિણામ પરની દૃષ્ટિ જુઠી છે. (૩૫૮)

***

એટલી માત્ર વાત છે - જે ઉપયોગ પરમાં ઝૂકે છે, તેને સ્વમાં ઝુકાવવાનો છે. (વ. ૩૭૭)

***

પ્રશ્ન :- ઘરવાળાની બધી જાતની પ્રતિકૂળતા હોવાથી પોતાનું કામ કેમ કરવું?

ઉત્તર :- પોતાની અંદરમાં બેસીને પોતાનું કામ કરો! તે પોતાનું કામ અંદરમાં બેસીને કરવામાં ન ઘરવાળા જાણશે અને ન બહારવાળા જાણશે. આપણે શું કરીએ છીએ અને ક્યાં છીએ, તે પણ કોઈ નહિ જાણે એ રીતે અંદરમાં પોતાનું કામ થઈ શકે છે. (૩૮૬)

***